આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૯૬ | ૧૬ જૂન, ૨૦૧૪, સોમવાર; જેઠ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

પ્રેમ કરનાર સંપૂર્ણ જ હોય એ જરૂરી નથી, પણ એ માનવતાથી પૂર્ણ હોય એ પૂરતું છે
- હૃદયસૂત્ર

# જિલ્લા પંચાયતની મંગળવારે ખાસ બેઠક

## ખાસ સામાન્ય સભામાં વહીવટીય કામકાજનું ભારણ વધુ : લોકસભાની ચૂંટણી પછી પ્રથમ બેઠક હોવાથી રાજકીય ઉત્સુકતા

ગાંધીનગર, તા.૧૫
મંગળવારે ગાંધીનગર જિલ્લા પંચાયતની મહત્વની બેઠક મળશે. જેમાં વહીવટીય કામગીરી વધુ પડતી કરાશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીનાબેન હરેશભાઈ પટેલના અધ્યક્ષપદે મળનાર આ બેઠકમાં જિલ્લા પંચાયતની સફાઈ અંગેની વ્યવસ્થા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખશ્રીની કચેરીનું રિનોવેશન સહિત ઘણા બધા વહીવટીય મુદ્દાઓ પર ચર્ચા કરી નિર્ણય લેવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે લોકસભાની ચૂંટણી પછી પ્રથમવાર મળી રહેલી આ બેઠકમાં શિક્ષણ સમિતિ તેમજ ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિમાં ખાલી પડેલી જગ્યાઓ પર નિમણુંકો પણ આપવામાં આવશે.

લોકસભાની ચૂંટણી પછી પ્રથમવાર બેઠક મળતી હોવાથી રાજકીય ઉત્તેજનાઓ અને ઉત્સુકતાઓ વધારે જોવા મળી રહી છે. જો કે પંચાયતના આગેવાનો બેઠકને રૂટીન અર્થાત્ પરંપરા મુજબની બેઠક લેખાવી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આ ખાસ બેઠક હોવાથી પ્રશ્નોત્તરી રાખવામાં આવી નથી. જોકે આ બેઠકમાં પ્રમુખ સ્થાનેથી પણ કોઈ મહત્વની બાબત રજૂ થાય તેવી શક્યતાઓ ઓછી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આ સામાન્ય સભાને આમ તો રૂટીન બેઠક તરીકે પંચાયતના વર્તુળો લેખી રહ્યા છે. જેમાં ખાસ કરીને વહીવટીય કામગીરીનું ભારણ જ વિશેષ છે. એન.એ.ની સત્તાઓ કલમ ૬૫-૬૬-૬૭ની કારોબારી પાસેથી લઈ સામાન્ય સભાને સોંપવામાં આવી હોવાથી આ કામગીરીનું ભારણ મોટું છે.

આ ઉપરાંત જિલ્લા પંચાયતની સફાઈને લઈ વાર્ષિક ઈજારો આપવાનો હોઈ તેની પર પણ સારી એવી ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લા પંચાયતના ઉપપ્રમુખશ્રીનું કાર્યાલય પણ રિનોવેશનમાં આવરી લેવાનું થતું હોવાથી તેના પર પણ નિર્ણય આ બેઠકમાં લેવામાં આવશે.





હાલત લગ્નવાડીની - ગાંધીનગરના સંખ્યાબંધ યુવક-યુવતીઓના સંસારની શરૂઆત જ્યાંથી થઈ છે એવી સેક્ટર-૨૩ની લગ્નવાડી આજકાલ લાચાર સ્થિતિમાં છે... ખૂબ જ મરામત માગી લે એવી સ્થિતિમાં મુકાયેલી સેક્ટર-૨૩ની લગ્નવાડીના રીનોવેશનની રજૂઆત ફાઈલોમાં અટવાઈ હશે... સરકારમાં નાણાંકીય મંજુરી, તાંત્રિક મંજુરી વગેરે વગેરે બાબતોમાં લાંબી પ્રક્રિયા હોય છે પરંતુ રીનોવેશનના અભાવે કેટલાય લગ્નોત્સુક યુવક-યુવતીઓ અને તેમના પરિવારજનો લગ્નવાડીની આ હાલતથી ભારે મુંઝવણમાં મુકાયા છે... ગાંધીનગરમાં માત્ર બે કે ત્રણ સ્થળ મધ્યમ વર્ગના પરિવારોને લગ્નપ્રસંગ માટે પોષાય તેવા છે... તેમાં જો એકની હાલત આવી થઈ જાય તો નગરના સામાજિક જીવનને કેટલી મોટી અસર પહોંચે...? **(તસવીર : કશ્યપ નિમાવત)**

# જાહેર હિસાબ સમિતિ કલેક્ટર કચેરીની મુલાકાતે આવી રહી છે

ગાંધીનગર, તા.૧૫
ગુજરાત વિધાનસભા ગૃહની અતિમહત્વની નાણાંકીય સમિતિ જાહેર હિસાબ સમિતિ મંગળવારે ગાંધીનગર કલેક્ટર કચેરીની મુલાકાત લેશે.

વિધાનસભાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સમિતિએ હાલ ગાંધીનગર અને અમદાવાદ એમ બે સ્થળોની પસંદગી કરી છે પરંતુ આખરી પસંદગી તો આ દિવસની બેઠકમાં જ નક્કી થશે.

વિધાનસભા ગૃહની સમિતિ જિલ્લા કલેક્ટર કચેરીની મુલાકાતે પ્રથમવાર આવી રહી હોવાથી તંત્ર પણ તેની તૈયારીમાં વ્યસ્ત બન્યું છે. જો કે સમિતિ દ્વારા હેતુસર મુલાકાત લેનાર છે તેમજ તપાસ શું કરશે તેને લઈ કોઈ જ જાણકારી કોઈની પાસે નથી.

૧૩મી વિધાનસભા ગૃહની જાહેર હિસાબ સમિતિની આ મુલાકાતને અતિ મહત્વની એટલા માટે લેખવામાં આવી રહી છે કે, બે સપ્તાહ બાદ વિધાવસભાનું અંદાજપત્ર સત્ર શરૂ થઈ રહ્યું છે.

ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર એક મહિનો ચાલવાનું છે. આ સત્રમાં વિવિધ સમિતિઓના અહેવાલો પણ ગૃહના મેજ પર રજૂ થતા હોય છે.

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા હાલ તો આ સૂચિત મુલાકાતને લઈ મૌન સેવવામાં આવી રહ્યું છે.

# ‘ઘરનું ઘર’ના સ્વપ્નને સાકાર કરવા રાજ્યસરકાર કટિબદ્ધ

## હવે અમદાવાદ ખાતે બનનાર ગુજરાત હાઉસિંગ બોર્ડની વિવિધ આવાસ યોજના માટે કોમ્પ્યુટરાઇઝ્ડ ડ્રો યોજાયો

અમદાવાદ, તા. ૧૫
કાયદામંત્રી પ્રદિપસિંહ જાડેજાની અધ્યક્ષતા હેઠળ ગુજરાત હાઉસિંગ બોર્ડની વિવિધ આવાસ યોજનાઓનો કોમ્પ્યુટરાઇઝ્ડ ડ્રો ટાગોર હોલ, પાલડી ખાતે યોજાયો હતો. અમદાવાદ ખાતે ૮૧૩.૪૫ કરોડના ખર્ચે મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત બનનારા મકાનો પૈકી નારણપુરા વિસ્તારમાં રૂપિયા ૪૦૨ કરોડના ૧૫૬૮ મકાનો, ચેનપુર ખાતે રૂપિયા ૩૦.૩૨ કરોડના ૩૭૨ મકાનો, હાથીજણ ખાતે રૂપિયા ૩૫.૦૮ કરોડના ૫૧૭ મકાનો માટે પ્રાયોરિટી તથા નંબરીંગ ડ્રોનું રાજકોટ ખાતેથી મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ઉદ્દ્ઘાટન કર્યું હતું જેમાં ગોતા અને સોલા ખાતે રૂપિયા ૩૪૬.૨૩ કરોડના ૨૩૩૭ (એલઆઈજી-એમઆઈજી) મકાનો માટે પણ નંબરીંગ ડ્રો કરવામાં આવ્યા હતા. અમદાવાદ ખાતેથી કાયદા રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાની અધ્યક્ષતા હેટળ ટાગોર હોલમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

લાભાર્થીઓને શુભેચ્છા પાઠવતા મંત્રી જાડેજાએ જણાવ્યું હતું કે, પ્રજાના પોતીકા ઘરના સ્વપ્રને સાકાર કરવાની રાજ્ય સરકારની નેમ છે જે અંતર્ગત મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ એલઆઈજી, એમઆઈજી પ્રકારના કુલ ૧૨૨૧૬ જેટલા આવાસોનું ૧૪૪૩ કરોડના ખર્ચે બાંધકામ પ્રારંભ થયેલું છે. જ્યારે આજે બીજા તબક્કામાં અમદાવાદ શહેરમાં નારણપુરા, ચેનપુર, હાથીજણ, ગોતા અને સોલાના લાભાર્થીઓનો કોમ્પ્યુટરાઇઝ્ડ ડ્રો દ્વારા મકાન ફાળવણી કરવામાં આવી છે. આ પ્રસંગે મંત્રી સાથે અમદાવાદ મહાનગરપાલિકાના મેયર મિનાક્ષીબેન પટેલ, ડે.મેયર રમેશભાઈ દેસાઈ, ગુજરાત હાઉસિંગ બોર્ડના ડિરેક્ટર મહેશભાઈ કસવાલા, ચીફ ઈજનેર એકે પટેલ, એસ્ટેટ મેનેજર ડી.ડી. પરમાર તેમજ અધિક્ષક ઈલાબેન ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ

## દક્ષિણપશ્ચિમ મોનસુન આગળ વધ્યુ : જુનાગઢમાં બે ઈંચથી પણ વધુ વરસાદ : કોડીનાર, સોમનાથ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ : હજુ વરસાદ પડવાની આગાહી કરાઈ

અમદાવાદ, તા.૧૫
હવામાનમાં એકાએક ફેરફાર વચ્ચે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા-જુદા ભાગોમાં ભારે વરસાદ થતાં જનજીવનને અસર થઈ છે. સાથે-સાથે ઘણી જગ્યાઓએ પાણી પણ ભરાયા છે. જુનાગઢમાં કલાકોના ગાળામાં જ બે ઈંચથી વધુ વરસાદ થયો હતો. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કોડીનારમાં નોંધપાત્ર વરસાદ થયો છે. સોમનાથમાં પણ વરસાદ થયો છે. વલસાડ અને તાપી જિલ્લામાં વહેલી સવારે વરસાદી માહોલ જોવા મળ્યો હતો. અમદાવાદ સહિત ગુજરાતભરમાં કાળઝાળ ગરમી ઘટવાની સાથે સાથે કેટલાક ભાગોમાં વરસાદ પણ થઈ રહ્યો છે. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં હવામાનમાં ફેરફાર થતા વરસાદ થઈ રહ્યો છે. જુનાગઢમાં છેલ્લા કેટાલાક દિવસથી વરસાદ થઈ રહ્યો છે. જુનાગઢમાં આજે સવારે મેઘરાજાની એન્ટ્રી થઈ હતી. ધીમે ધીમે ગતિ આવી હતી. ત્યારબાદ ભારે વરસાદ થયો હતો. કલાકોના ગાળામાં બે ઈંચ વરસાદ થયો હતો. જેના કારણે ઘણી જગ્યાએ પાણી ભરાઈ ગયા હતા. જુનાગઢમાં હજુ સુધી અંદાજે પોણા ચાર ઈંચ વરસાદ થઈ ચુક્યો છે. ગઈકાલે પણ ધીમી ગતિએ વરસાદ થયો હતો. બીજી બાજુ હાવામાન વિભાગે પણ આગાહીમાં કહ્યું છે કે ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદી ઝાપટા પડી શકે છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૯.૪ ડિગ્રી રહ્યું હતુ. રાજ્યમાં સૌથી વધારે ગરમી સુરેન્દ્રનગરમાં રહી હતી. હવામાન વિભાગે કોઈ પણ પ્રકારની ચેતવણી જારી કરાઈ નથી. હવે દક્ષિણ પશ્ચિમ મોનસુન મધ્ય અરેબિયન દરિયાના બાકીના ભાગોમાં આગળ વધી રહ્યું છે. ઉત્તર અરેબિયન દરિયા અને દક્ષિણ ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે. દક્ષિણ મધ્ય મહારાષ્ટ્રમાં પણ મોનસુનની સ્થિતી આગળ વધી રહી છે. અમદાવાદમાં વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યું છે. જેથી તાપમાનમાં ઘટાડો થયો છે. તીવ્ર ગરમી વચ્ચે વાદળછાયું વાતાવરણથી તાપમાનમાં પણ ફેરફાર થઈ રહ્યો છે. રાજ્યમાં ઘણી જગ્યાઓએ વરસાદી છાંટા પડી શકે છે.

# હવે, મંત્રીમંડળની બેઠકમાં પ્રવેશોત્સવની સમીક્ષા

ગાંધીનગર, તા.૧૫
આગામી બુધવારે મળનારી રાજય મંત્રી મંડળની બેઠકમાં ગ્રામ્ય વિસ્તારમાં હાથ ધરવામાં આવેલ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ શાળાઓમાં ડ્રોપ ઉટ રેશીયો ઘટાડવા માટે રાજય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે જે અંતર્ગત ગત ૧૨મી જુનથી ત્રણ દિવસ દરમિયાન ગ્રામ્ય વિસ્તારમાં પ્રથમ તબક્કાનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો.

ત્રણ દિવસ ચાલેલા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને કેવો પ્રતિભાવ મળ્યો મંત્રીઓ અને અધિકારીઓને કેવા અનુભવો થયા તેમને કોઈ સૂચનો મળ્યા કે કેમ તે અંગેનો અહેવાલ મંત્રીઓ અને અધિકારીઓ રજુ કરશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી બુધવારે મળનારી રાજયમંત્રી મંડળની બેઠકમાં પ્રથમ તબક્કાના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની સફળતા અંગે સમીક્ષા કરવામાં આવશે અને અધિકારીઓને કેટલાક સૂચનો અને માર્ગદર્શન પણ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગ્રામ વિસ્તારમાં પ્રથમ તબક્કાનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ હવે આગામી સપ્તાહમાં શહેરી વિસ્તારો અને નગરપાલિકા મહાપાલિકા વિસ્તારોમાં ત્રણ દિવસ માટે બીજા તબક્કાનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર હોઈ આ કાર્યક્રમને વધુ સફળ બનાવવા માટે અધિકારીઓને અનુરોધ કરીને માર્ગદર્શન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.




